પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :-જાહેરનામું -:

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.**

**નંબર વિ.શા./ જાહેરનામુ/ હોળી-ધુળેટી/ એ-સેકશન/ પરમીટ/૫૦ /૨૦૨૧. તા.૨૪ /03/૨૦૨૧**

વંચાણે લીધા:

(૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા-૨૪/03/૨૦૨૧ તથા

(૨) અત્રેની કચેરીના જાવક ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૪૧/ ૨૦૨૧, તા-૨૮/૨/૨૦૨૧ આધારે,

આગામી તા.૨૮/03/૨૦૨૧ ના રોજ હોળી અને તા.૨૯/03/૨૦૨૧ ના દિવસે ધુળેટીના તહેવારોની ઉજવણી કરવામાં આવનાર છે. સામાન્ય સંજોગોમાં હોળી/ ધૂળેટીના તહેવારોની ઉજવણી માટે, લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રીત થતા હોય છે. અમદાવાદ શહેરમાં COVID-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે મોટી સંખ્યામાં લોકો એકત્રીત થવાથી કોરોના સંક્રમણ વધવાની શકયતા છે. તેમજ આ તહેવારની ઉજવણી દરમિયાન જાહેર જ્ગ્યાઓએ આવતા-જતા રાહદારીઓ તથા વાહનોમાં આવતા-જતા લોકો પાસેથી હોળી-ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવતા, તેઓ ઉપર રંગ, રંગ મિશ્રિત પાણી, કાદવ અથવા તૈલી વસ્તુઓ ફેંકવાની શક્યતા છે. આવા કૃત્યોથી જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતા નકારી શકાય નહિ. તેમજ ઉપરોકત ગૃહ વિભાગના હુકમ આધારે શહેર વિસ્તારમાં કેટલાક કૃત્યો પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/ સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૨૮/03/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૨૯/03/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

## -:હુકમ:-

(૧) હોળીના તહેવાર સંદર્ભે પરંપરાગત રીતે મર્યાદીત સંખ્યા સાથે હોળી પ્રગટાવી શકાશે તેમજ હોળીની પ્રદક્ષિણાની સાથે-સાથે ધાર્મિક વિધી પણ કરી શકાશે. પરંતુ હોળી-દહનના કાર્યક્રમ દરમિયાન ભીડ એકત્રીત ન થાય તથા કોરોના સંબધમાં પ્રવર્તમાન ગાઈડ લાઈનનું ચુસ્ત પણે પાલન થાય તે અંગે આયોજકોએ તકેદારી રાખવાની રહેશે.

(૨) ધુળેટીના દિવસે જાહેરમાં ઉજવણી અને સામુહિક કાર્યક્રમ પર પ્રતિબંધ રહેશે.

(3) હોળી-ધુળેટીના તહેવારમાં કોઇપણ વ્યક્તિએ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો/ વાહનો ઉપર અથવા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી અથવા તૈલી તથા આવી બીજી કોઇ વસ્તુઓ નાંખવી કે નખાવવી નહિ અથવા હોળી-ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહિ અથવા બીજા કોઇ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહિ.

(૪) અત્રેની કચેરીના ઉપરોકત જાહેરનામાં ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૪૧/૨૦૨૧, તા-૨૮/૦૨/૨૦૨૧ માં જણાવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**-:વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

તમામને વ્યક્તિગત રીતે નોટીસ બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેરાત જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જે.પી.એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમ-૪૫ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે સી.આર.પી.સી.કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૨૭/03/૨૦૨૧ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/ટ્રાફિક શાખા/મુખ્યમથક અમદાવાદ શહેર.

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.ક્મિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)